R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 23•ISSUE: 12 DATE: 23-03-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ગોવાના મુખ્યમંત્રી અને પુર્વ સંરક્ષણ મંત્રી મનોહર પારિકરનું ૬૩ વર્ષની વયે નિધન

ગોવાના મુખ્યમંત્રી અને પુર્વ સંરક્ષણ મંત્રી મનોહર પારિકરનું ૬૩ વર્ષની વયે કેન્સર સામે લડતાં લડતાં નિધન થયું હતું.તેઓ છેલ્લા એક વર્ષથી ગંબીર પેન્ક્રીયાસ કેન્સરથી પીડાતા હતા.ચાર વખત ગોવાના મુખ્યમંત્રી રહી ચુકેલા પારિકર કેન્સરની બિમારી સામે ઝઝુમી રહ્યા હોવા છતાં તેઓ મુખ્યમંત્રી તરીકેની પોતાની જવાબદારી પણ અદા કરતા રહ્યા હતા.નાકમાં ડ્રીપ લગાડેલી તેમની અનેક તસવીરો પણ સોશ્યલ મીડીયામાં દેખાતી રહી હતી.તેઓ ભણેલા તેમજ સાદગી યુક્ત જીવન જીવનારા નેતા હતા.અનેક હોસ્પીટલમાં તેમની સારવાર થઈ હોવા છતાં તેમની સ્થિતિમાં કોઈ સુધારો થયો નહોતો. તેમના પત્ની પણ કેન્સરની બિમારીથી તેમના પહેલા મૃત્યુ પામ્યા હતા.

## અમેરિકા પહેલી એપ્રિલથી નવા એચ-૧બી વિઝાનો સ્વીકાર કરશે

યુએસ સીટીઝનશીપ એન્ડ ઈમીગ્રેશન સર્વીસીઝએ પહેલી એપ્રીલથી નાણાંકીય વર્ષ ૨૦૨૦ માટે એચ-૧બી વિઝા પીટીશન્સ સ્વીકારવાનું શરુ કરી દેશે. આ વિઝા માટે રોજગાર શરુ કરવાની તારીખ પહેલી ઓક્ટો. રહેશે.

જોકે અગાઉના વર્ષોની જેમ આ વર્ષે પણ એચ-૧માટે નિયમિત વિઝાની મર્યાદા પણ ૬૫૦૦૦ની સ્થિર રહેશે.આ ઉપરાંત યુએસ યુની.માંથી ઉચ્ચ ડીગ્રી અથવા માસ્ટર્સ મેળવનાર અન્ય ૨૦,૦૦૦ પીટીશનર્સને પણ વિઝા મળશે.પરંતુ ઘણા વકીલોનું કહેવું છે કે આ વર્ષ અસાધારણ બની શકે છે મોટભાગે એટલેકે આ વર્ષના પ્રારંભમાં જ અનેક નિયમો બદલાયા હતા. યુએસસીઆઈએસે જાન્યુ.માં ઓર્ડરમાં ફેરફાર કર્યો હતો.જે મુજબ હવે ફાળવણીની ગણતરી કરશે.

હવે તમામ પીટીશનોને નિયમિત મર્યાદામાં જ ગણાશે. જેમાં એડવાન્સ્ડ ડીગ્રીનો પણ સમાવેશ થાય છે.બીજા રાઉન્ડમાં તે બાકીની પીટીસન્શની પસંદગી કરશે. યુએસસીઆઈએસના જણાવ્યા મુજબ નવો ફેરફાર ૧૬ ટકા વધારો કરશે.જેને કારણે એડવાન્સ યુએસ ડીગ્રી સાથે પસંદગી પામેલ એચ-૧બી પીટીશનરોમાં ૫૩૪૦ કામદારોનો વધારો થશે. કેટલાક વકીલોનું કહેવું છે કે એચ-૧બી પર અમેરિકાના અંકુશને કારણે ઈમીગ્રેશન પર એકંદરે નકારાત્મક સેન્ટીમેન્ટ દેખાશે અન તેની અસર ફાઈલીગ્સ પર દેખાશે.

## ગોવામાં ભાજપના નવા મુખ્યમંત્રી સાવંતે રાત્રે બે કલાકે ૧૧માં મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા

ગોવા વિધાનસભાના પુર્વ સ્પીકર અને નોર્થ ગોવાના સંખેલીમના ધારાસભ્ય પ્રમોદ સાવંતે સોમવારે મોડી રાત્રે એટલેકે રાત્રે ૨ કલાકે ગોવાના ૧૧માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.હવે તેમણે ફ્લોર પર તેમની બહુમતી સાબિત કરવાની છે.ગોવાના માજી મુખ્યમંત્રી મનોહર પારિકરનું રવિવારે કેન્સરના કારણે નિધન થયું હતું.કોગ્રેસ સૌથી મોટી પાર્ટી ગોવામાં હતી. પરંતુ આ રાજકીય કટોકટીને સિફતતાથી પલટાવી નાંખીને એકજ રાત્રીમાં મધ્યરાત્રીએ ભાજપે પોતાના મુખ્યમંત્રીને શપથ લેવડાવી લીધા હતા.

ગોવા વિધાનસભામાં ભાજપની બહુમતી નહોતી.ભુતકાળમાં પણ નહોતી અને આજે પણ નહોતી.પરંતુ સહયોગી પાર્ટીઓને એકત્રિત રાખીને શામ,દામ,દંડ ભેદની નીતિએ સત્તા હાંસલ કરી લીધી હતી.

પ્રમોદ સાવંતની સાથે મહારાષ્ટ્ર ગોમાંતકવાદી પાર્ટીના રામકૃષ્ણ ધાવલીકર અને ગોવા ફોરવર્ડ પાર્ટીના વિજય સરદેસાઈએ નાયબ મુખ્યમંત્રીપદના શપથ ગ્રહણ કર્યા હતા.પ્રમોદ સાવંતે મનોહર પારિકરની આખી કેબિનેટને યથાવત રાખી હતી.

## નોટબંધી એ પોલીસી લેવલે કરાયેલી ભુલ : કૌશિક બાસુ પુર્વ ચીફ ઇકોનોમિક એડવાઇઝર

આઈઆઈએમના પદવીદાન સમારોહમાં પુર્વ ચીફ ઈકોનોમીક એડવાઈઝર કૌશિક બાસુએ કહ્યુ હતું કે રાતોરાત નિર્ણયનો અમલ કરાવ્યો, સામાન્ય માણસનો વિચાર જ નહોતો કરાયો,નોટબંધી એ પોલીસી લેવલે કરાયેલી ભુલ છે.તેનાથી જીડીપી પણ ડાઉન, નિકાસમાં શુન્ય ટકાનો વિકાસ.નોટબંધીના કારણે દેશના વિકાસને ખરાબ અસર થઈ છે. પોલીસી બનાવતી વખતે ગરબડ થઈ હતી. પોલીસી ઘડનારાઓએ સામાન્ય માણસનો વિચાર જ નહોતો કર્યો કે નોટબંદીમાં સામાન્ય માણસ કેવો પ્રતિભાવ આપશે. તેમ આઈઆઈએમ અમદાવાદના ૫૪માં પદવીદાન સમારોહમાં કોર્નેલ યુનીવરસીટી ઈકોનોમિક્સના પ્રો કૌશિક બાસુએ નોટબંધીની આકરી ટીકા કરતાં કહ્યુ હતું. આઈઆઈએમના વિદ્યાર્થીઓને પ્રથમ વખત એમબીએની ડીપ્લોમાં નહીં, ડીગ્રીની પદવી મળી છે.

યુપીએ સરકારમાં દેશના ચીફ ઈકોનોમીક એડવાઈઝર રહી ચુકેલા પ્રો.બાસુએ પદવીદાન સમારોહમાં કેન્દ્ર સરકારના નિર્ણયોની આકરી ટીકા કરી હતી.તેમણે કહ્યુ હતું કે જો સારા પોલીસી મેકરોને મુકવામાં આવ્યા હોત તો નોટબંધીના અમલમાં સરળતા રહી હોત. નોટબંધીના કારણે સૌથી વધુ સહન કરવાનું સામાન્ય માણસોના ભાગે આવ્યું હતું. નોટબંધી સામે આ લોકો કેવો પ્રતિભાવ આપશે તેનો વિચાર કરાયો નહોતો.

તેમણે કહ્યુ હતું કે ખુબ દુઃખની વાત છે કે દેશમાં રોજગારીની સ્થિતિ ગંભીર છે. સેન્ટર ફોર મોનિટરીંગ ધ ઈન્ડીયન ઈકોનોમીએ બેરોજગારીનો દર ૭ ટકા કહ્યો છે. પરંતુ અઝિમ પ્રેમજી યુની.ના ડેટા પ્રમાણે બેરોજગારીનો દર ૧૬ ટકા છે. જો કે બેરોજગારી વૈશ્વિક પ્રોબ્લેમ હોવાનું તેમણે કહ્યુ હતું. ભારતની આજની તારીખે ખેતીપ્રધાન દેશ હોવા છતાં પણ સૌથી વધુ સહન કરવાનું આ ક્ષેત્રના ભાગે જ આવે છે. જાન્યુઆરી ૨૦૧૯માં ઈન્ડ્રસ્ટીયલ વિકાસના આંકડા આવ્યા તે ચિંતાજનક છે. માત્ર ૧.૭ ટકા જ વિકાસ થયો છે. ૨૦૧૭-૧૮માં મામુલી વધારો ગણો અને ૨૦૧૩-૧૪ની સાથે સરખામણી કરાય તો નિકાસ ક્ષેત્રે શુન્ય ટકા વિકાસ છે.છેલ્લા ચાર વર્ષમાં નિકાશ ક્ષેત્રે વિકાસ જ થયો નથી.

## પ્રિયંકા ગાંધીએ યુપીએની ચુંટણી પ્રચારમાં યાત્રામાં મોદી સરકાર પર માંછલા ધોયા

કોગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધી વાડરાએ ગંગા યાત્રાના તેમના બીજા દિવસે ભદ્રોહી અને મિરજાપુરના લોકો સાથે સંવાદ કર્યો હતો.કેન્દ્રમાં મોદીની ભાજપ સરકારે લોકોને આપેલા વચનોનું પાલન કરવામાં નિષ્ફળ ગઈ છે તેવા આક્ષેપો કરતાં કહ્યુ હતું કે ૫૬ની છાતી વાળાએ અત્યાર સુધીમાં કેમ લોકોને રોજગારી આપી નથી ? લોકોને આપેલા વચનો કેમ પાળ્યા નથી. દરેક મુદ્દે કોગ્રેસે ૭૦ વર્ષમાં કશું નથી કર્યું તેવા આક્ષેપો મોદી કરતા રહે છે પણ તેની એકસપાયરી ડેટ હોય છે.આવું રટણ તેમણે બંધ કરવું જોઈએ.

પ્રિયંકાએ કહ્યુ હતું કે કોગ્રેસે શું કર્યું તેનો આક્ષેપો કરવાને બદલે પોતાની સરકારે પાંચ વર્ષમાં શું કર્યું તેનો મોદીએ જવાબ આપવો જોઈએ.સત્તા પર હતા ત્યારે પાંચ વર્ષમાં ભાજપની સરકારે શું કર્યું તેનો મોદી જવાબ આપે. સીતામઢીમાં લોકોને સંબોધતાં તેમણે દેશ આજે જે કોઈ સમસ્યાઓ અનુભવી રહ્યો છે તેને માટે કોગ્રેસ સરકાર જવાબદાર છે તેવા ભાજપ દ્વારા કરવામાં આવતાં આક્ષેપોને તેમણે ફગાવ્યા હતા.પ્રિયંકાએ વિંધ્યવાસીની મંદિરમાં માતાજીને પુજા કરી હતી.અને વિઝિટર્સ બુકમાં જય માતાજી લખ્યું હતું. તેઓ કાલી ખોહ મંદિરમાં અને અષ્ટપુજા મંદિરમાં દર્શન પુજા કરી હતી. પ્રિયંકો કંતિત શરીફ મજાર પર માથું ટેકવ્યું હતું તેઓ ચુનાર દરગાહ પર જવાના હતા.તેમણે ગંગા યાત્રા દરમિયાન વિદ્યાર્થીનીઓ સાથે બોટ પે ચર્ચા કરી હતી.યુપીમાં પ્રયાગરાજ,વારાણસી



સહિત ૬ સીટો પર કોગ્રેસની નજર છે.પ્રિયંકા હાલમાં યુપીમાં પ્રચાર માટે ત્રણ દિવસ ગંગાયાત્રા પર છે. તેમણે પ્રયાગરાજના સંગમથી યાત્રા શરુ કરી હતી જે વારાણસીમાં પુરી થશે. યુપીમાં ૧૧ એપ્રિલથી ૧૯ મે સુધી સાત તબક્કામાં મતદાન થવાનું છે.

સીતામઢી ખાતે પ્રિયંકાએ કહ્યુ હતું કે રાહુલ ગાંધીને સત્તાનો શોખ નથી. તોઓ લોકોનું ભલું ઈચ્છે છે.લોકશાહીમાં જનતાની તાકાત દર્શાવીનો દેશ તેમજ બંધારણને બચાવવા ભાજપની વિરુધ્ધ મતદાન કરવા તેમણે અપીલ કરી હતી.તેમણે કહ્યુ કે મે અને મારા ભાઈએ ઘણી મુશ્કેલીઓ વેઠી છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

પાણીના અભાવે ઉભી થતી પરિસ્થિતિનો સામનો કરવા સરકારી તંત્ર સક્ષમ નથી એવું હાલના કેટલાક ઉભા થયેલા સંજોગો બતાવી રહ્યા છે.બનાસકાંઠામાં દુકાળના ઓળા ઉતર્યા છે.ખાસ કરીને રણ ની કાધીએ આવેલા વિસ્તારોમાં ઉનાળાના પ્રારંભેજ જળ સંકટ ઉભુ થવા પામ્યું છે.આવી સ્થિતિ વાવ તાલુકાના અસારાવાસ ગામથી માત્ર બે કી.મી.ના અંતરે આવેલું સમલીપુરા ગામમાં છેલ્લા ૧૫ દિવસથી પીવાનું પાણી ન મળતાં ૪૦ જેટલી ગાયમાતાઓ મરણ પામી છે.ગત વર્ષે ચોમાસું નિષ્ફળ જતાં સરકારે જિલ્લાના ૧૨ તાલુકા અછતગ્રસ્ત જાહેર કર્યા છે. જ્યાં ખાસ કરીને રણી કાંધીએ આવેલા વાવ,સુઇગામ,થરાદ પંથકમાં ઉનાળાની શરુઆતમાં જ પાણીની કટોકટી જોવા મળી છે.જો કે આમ તો સરહદી વિસ્તારોમાં ઉનાળામાં પાણીનું સંકટ પેદા થાય છે. સમલીપુરા જ્યાં પાણીના અભાવે પશુ પંખીઓના મોત નિપજી રહ્યા છે કે વિસ્તારમાં ૧૫૦૦ જેટલા લોકોની વસતી છે.તેમજ ૪૦૦ જેટલું પશુધન અને અન્ય પ્રાણી-પક્ષીઓનો વસવાટ છે.પાણીના અભાવે આ અબોલ પશુ-પક્ષીઓના જાન જઇ રહ્યા છે.ત્યારે સરકારે આ બાબતે ઘટતાં પગલાં લેવા જોઈએ. સત્તા પર બેઠેલા લોકોના મહત્તના મુદ્દાઓમાં ગાયમાતાનો મુદ્દો અગ્રસ્થાને છે.અને જો તેઓ આ બાબત પર ધ્યાન કેન્દ્રીત ના કરે તો તેમના માટે ચિંતાનો વિષય છે.

ગુજરાતના અમુક શહેરોમાં પાણીનો જે બગાડ થાય છે તેનો વપરાશ અને બચાવ કરીએ તો તે પાણીમાંથી ઉભી થતી કટોકટી નિવારી તો શકાય અને મુંગાં પશુ-પક્ષીઓના જાનતો બચાવી શકાય.અમારી સામે ધુળેટીના તહેવારમાં લોકો ચારથી પાંચ ટેન્કર જેટલુ પાણી બગાડીને ધુળેટી ઉજવી રહ્યા છે આવું તો ઠેર ઠેર બની રહ્યુ છે. શું આ લોકોને પાણીનો બચાવ કરવાનું કોણ શીખવશે

---

વિશ્વમાં જંગલો દ્વારા જેટલો પણ ઓક્સિજન ઉત્પન કરવામાં આવે છે તે બધામાં ૨૦ ટકા જેટલો ઓક્સિજન એમેઝોનના વરસાદી જંગલો દ્વારા પેદા કરવામાં આવે છે.

વર્લ્ડ ચેમ્પીયન ચેસ પ્લેયર ગેરી કાસ્પારોવ સૌથી નાની ઉંમરે વર્લ્ડ ચેમ્પીયન બનવાની સિધ્ધિને વરેલા છે.

શાર્કનું આયુષ્ય ૧૦૦ વર્ષ કરતાં વધુ હોય છે.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## ફ્રાંસ અને અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં મસુદને વૈશ્વિક આતંકી ઘોષિત કરવાનો પ્રસ્તાવ ચીને વીટો વાપરી ઉડાડી દીધો

સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં મસુદ અઝહરને વૈશ્વિક આતંકી ઘોષિત કરવાના પ્રયાસો પર ચીને ફરી એક વાર પાણી ફેરવી દીધું હતું. સુરક્ષા પરિષદમાં યુકે,ફ્રાંસ અને અમેરિકા દ્વારા મુકવામાં આવેલા પ્રસ્તાવને ચીને વીટો વાપરીને ઉડાડી દેતાં ભારતને વધુ એક વાર ફટકો પડ્યો છે.ભારતના વિદેશ મંત્રાલયે ચીનના આ વલણ સામે નારાજગી દર્શાવી કહ્યુ છે કે આ ઘટનાક્રમ ચિંતાજનક છે.ચીને છેક ૨૦૦૯થી સુરક્ષા પરિષદમાં મસુદ અઝહર સામેની દરખાસ્તને રોકી રાખી છે અને એ રીતે ભારતના પ્રયાસો અટકાવી દીધા છે.કાશ્મીરમાં પુલવામાં માં આતંકી હુમલા પછી સુરક્ષા પરિષદના ૧૨૬૭ અલ કાયદા અંતગર્ત આ દરખાસ્ત ફ્રાંસ,યુકે અને અમેરિકાએ ૨૭મી ફેબ્રુઆરીએ પાસ કરી હતી.જો કે ફરીએક વાર તેનું વલણ બદલ્યું નહોતું.

દરમિયાન અમેરિકાએ કહ્યુ છે કે જૈસ-એ-મોહમંદ આતંકી સંગઠનનો વડો મસુદ અઝહર વૈશ્વિક આતંકવાદી જાહેર કરવા માટેના તમામ માપદંડમાં ફીટ બેસે છે. અને જો તેને આતંકી જાહેર ન કરાય તો તે પ્રાદેશિક સ્થિરતા અને શાંતિની વિરુધ્ધ છે.૫૦ વર્ષીય મસુદે ભારતમાં અનેક આતંકી હુમલા કરાવ્યા છે. અને તે સંસદમાં, પઠાણકોટ,એરફોર્સ બેઝ, જમ્મુ અને ઉરીમાં આર્મી કેમ્પ અને પુલવામામાં સીઆરપીએફ પર આત્મઘાતી હુમલામાં પણ સામેલ હતો. પુલવામાંમાં ૧૪ ફેબ્રુઆરીએ કરાયેલા હુમલા બાદ યુએનએસસીના ત્રણ કાયમી સભ્યો, અમેરિકા,બ્રિટન,ફ્રાંસે મસુદને વૈશ્વિક આતંકી જાહેર કરવા માટે એક ઠરાવ બહાર પાડ્યો હતો.જો કે આ ત્રણ દેશોએ અગાઉ પણ મસુદને વૈશ્વિક આતંકી જાહેર કરવા માટે અનેક પ્રયાસો કર્યા હતા. પરંતુ પાકિસ્તાનના સાથી દેશ ચીને વીટો વાપરીને તેને ખાળ્યાહતા. અજહરને વૈશ્વિક આતંકી જાહેર કરી શકાય તે માટે પુરતા પુરાવા નથી ચીન તેવું રટણ સતત કરી રહ્યું છે.પણ તે જ નીતિ અમલમાં મુકે તેવી શક્યતા છે. જો કે આ વખતે પુલવામાં હુમલા બાદ જે રીતે વૈશ્વિક દબાણ વધ્યુ છે તે જોતાં ચીન તેનું વલણ બદલી શકે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલમાં વદી રહેલી તંગદીલીને જોતાં અમેરિકા,બ્રિટન અને ફ્રાંસને આશા છે કે ચીન આ મામલે બુધ્ધીપુર્વક વર્તશે અને તે આ વખતે અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવાનો વિરોધ નહીં કરે.

યુએન કાઉન્સીલના મહત્વના નિર્ણયના દિવસની પુર્વસંધ્યાએ ટ્રમ્પ વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવા માટે પુરતા પુરાવા છે.

વિદેશ વિભાગના નાયબ પ્રવક્તા રોબર્ટ પલ્લાડીનોએ કહ્યુ હતું કે અઝહર જૈશનો સ્થાપક અને નેતા છે.યુએન દ્વારા તેને વૈશ્વિક આતંકી જાહેર કરવા માટેના માપદડોને અનુરુપ છે.

## ચુંટણી ટાણે આયારામ-ગયારામ સામે ભાજપને સાવધાનીથી વર્તવા શિવસેનાની સલાહ

લોકસભા ચુંટણી પહેલાં ભાજપ કોગ્રેસ સહિત વિપક્ષી દળોના કેટલાક નેતાઓ પોતાના પક્ષમાં સામેલ કરી રહી છે.આ બાબતને ધ્યાને રાખીને એનડીએની સહયોગી શિવસેનાએ ભાજપનો સલાહ આપી છે. શિવસેનાએ કહ્યુ હતું કે વિપક્ષી દળોના નેતાઓને પાતની પાર્ટીમાં સામેલ કરતી વેળાએ સાવધાન રહો, અન્યથા ભવિષ્યમાં આના કારણે સમસ્યા પેદા થશે. શિવસેનાએ સલાહ આપતાં કહ્યુ હતું કે મહારાષ્ટ્ર કોગ્રેસના વરિષ્ઠ નેતા રાધાકૃષ્ણ વિખે પાટીલના પુત્રને ભાજપમાં સામેલ કર્યા બાદ આપી છે. આ સિવાય શિવસેનાએ વિપક્ષ પર નિશાન સાધીને વડાપ્રધાન મોદીના તાજેતરના બ્લોગ પોસ્ટનો ઉલ્લેખ કર્યો હતો.જેમાં આરોપ લગાવ્યો હતો કે કોગ્રેસ અને ભ્રષ્ટાચાર પર્યાવવાચી છે.શિવસેનાએ પોતાના મુખપત્ર સામનાનાએક તંત્રીલેખમાં કહ્યુ કે કોગ્રેસ અને એનસીપીના નેતા આવવાથી આજે ફાયદાકારક લાગી શકે છે. પરંતુ ભવિષ્યમાં સમસ્યા પેદા થઈ શકે છે. અમારો અનુભવ આ જ કરે છે. લોકો આજે આવી રહ્યા છે કારણકે સત્તા છે. જ્યારે કશું ય નહીં હોય ત્યારે એ અન્ય લોકો સાથે જોડાશે. શિવસેનાએ કહ્યુ હતુંકે રાધાકૃષ્ણ પાટીલ શિવસેનાના સભ્ય હતા અને શિવસેનાએ એમને અને એમના પિતાને રાજ્ય અને કેન્દ્રમાં



મંત્રી બનાવ્યા પરંતુ સરકાર સત્તામાં બહાર આવી ગઇ તો એ એમારી વિરુધ્ધમાં આવી ગયા.

## રાજીવ ગાંધીના હત્યારાઓને છોડી મુકવા માટે ડીએમકેએ ચુંટણી ઢંઢેરામાં વચન આપ્યું

તામિલનાડુંમાં લોકસભાની ચુંટણીમાં મતદારોને આર્કષવા માટે દ્રવિડ મનેત્ર ગઝગમ(ડીએમકે) તેમજ ઓલ ઈન્ડીયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ(એઆઈડીએમક) દ્વારા ચુંટણી ઢંઢેરો જાહેર કરવામાં આવ્યો હતો.બંનેના ચુંટણી ઢંઢેરામાં એક કોમન વાત હતી કે બંનેએ સત્તા પર આવ્યા બાદ પુર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના હત્યારાઓને મુક્ત કરવા વચન આપ્યું હતું.વડાપ્રધાન રાજીવ ગાંધીના સાત હત્યારા હજુ જેલમાં બંધ છે.

પુર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની એલટીટીઈના સ્યુસાઈડ બોમ્બર દ્વારા મે ૧૯૯૧માં હત્યા કરવામાં આવી હતી. તેમાંના સાત હત્યારાઓ હજી જેલમાં સજા કાપી રહ્યા છે.તામિલનાડુંમાં ૩૯ સીટ માટે ૧૮ એપ્રિલે મતદાન થવાનું છે. આ ઉપરાંત વિધાનસભાની ૧૮ સીટો માટે પણ મતદાન કરાશે. ભાજપે તમામ વચનો પાળી શકાય તેમ ન હોવાનો દાવો કર્યો હતો.

બંને પક્ષોએ તેમા ઢંઢેરામાં નીટની પરીક્ષા બંધ કરવા,શિક્ષણ લોન માફ કરવા, શિક્ષણને રાજ્યના અધિકારક્ષેત્રમાં લાવવા તેમજ ખાનગી ક્ષેત્રમા અનામત સમાન કરવાના વચનો આપ્યા છે.તામિલનાડુના પુર્વ મુખ્યમંત્રી જયલલિતાના અવસાન બાદ રાજ્યમાં રાજકીય પરિસ્થિતિ ડામાડોળ જેવી છે.અન્નાનો તેમના વખતમાં સિતારો બુલંદી પર હતો.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

## ચોરાયેલા રફાલ પેપર્સ પરના દાવા અંગેનો ચુકાદો સુપ્રીમે અનામત રાખ્યો

રફાલ સોદા અંગેના કેસમાં પોતાના ચુકાદા અંગે પુનઃ વિચારણા કરવાની માંગ કરતી અરજીઓ અંગેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે લીક દસ્તાવેજો પર કેન્દ્રના વિશેષાધિકારના દાવા અંગેના ઓર્ડર અનામત રાખ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યુ છે કે રફાલ ડીલના તથ્યો પર લક્ષ આપતાં પહેલાં તે કેન્દ્ર સરકાર દ્વારા ઉઠાવાયેલા પ્રારંભિક વાંધાઓ પર નિર્ણય કરશે.વાસ્તવમાં કેન્દ્રએ રફાલ યુધ્ધ વિમાનો સબંધિત દસ્તાવેજો પર વિશેષાધિકારનો દાવો કર્યો છે અને સુપ્રીમ કોર્ટને કહ્યુ હતું કે એવીડન્સ એક્ટની કલમ ૧૨૩ અંતગર્ત કોઈપણ સબંધિત વિભાગની મંજુરી વિના તેને રજુ કરી શકાય નહીં. એટર્ની જનરલ વેણુ ગોપાલે કહ્યુ હતું કે કોઈપણ રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંકળાયેલા દસ્તાવેજો પ્રકાશિત કરી શકે નહીં અને રાષ્ટ્રની સુરક્ષા સર્વોપરિ છે. વકીલ પ્રશાંત ભુષણે કોર્ટને કહ્યુ હતું કે રફાલના જે દસ્તાવેજો પર એટર્ની જનરલ વિશેષાધિકારનો દાવો કરી રહ્યા છે તે પ્રકાશિત થઈ ચુક્યા છે.અને જાહેર છે.તેમણે કહ્યુ કે આરટીઆઈ કાયદાની જોગવાઈ કહે છે કે જનહિત અન્ય ચીજોથી સર્વોપરિ છે. અને ગુપ્તચર એજન્સીઓને સબંધિત દસ્તાવેજો પર કોઈપણ પ્રકારના વિશેષાધિકારનો દાવો કરી શકે નહી.

વકીલ પ્રશાંત ભુષણે કહ્યુ હતું કે રફાલ સિવાય અન્ય કોઈ બીજો સંરક્ષણ સોદો નથી જમાં કેગના રીપોર્ટમાં કિંમતોની વિગતને સંપાદિત કરવામાં આવી હોય.ભુષણે કહ્યુ હતું કે રફાલ સોદામાં સરકારો વચ્ચે કોઈ કરાર નતી . કેમકે તેમાં ફ્રાંન્સ કોઈ સોવેરીયન ગેરંટી આપી નથી. આ મામલે સુપ્રીમ કોર્ટે ભુષણને કહ્યુ હતું કે અમે કેન્દ્રની પ્રારંભિક આપત્તિ પર નિર્ણય કર્યા પછી જ મામલાઓના તથ્યો પર વિચારીશું. ઉલ્લેખનીય છે કે ચીફ જસ્ટીસ રંજન ગોગોઈ,જસ્ટીસ સંજય કિશન કૌલ અને જસ્ટીસ કે એમ.જોસેફની પીઠ સમ૭ કેન્દ્ર તરફથી એટર્ની જનરલ વેણુ ગોપાલે પોતાના દાવાના સમર્થનમાં એવીડન્સ એક્ટની કલમ ૧૨૩ અને આરટીઆઈ એક્ટની જોગવાઈઓનો હવાલો આપ્યો હતો.

## ફ્લેટની બારીમાંથી પક્ષીઓને દાણા નાંખવા પર પ્રતિબંધ લદાયો

કોઇ વ્યક્તિ તેના ઘરની બારી પર ઊભા રહીને પક્ષીઓને દાણા નાંખી શકશે નહીં. આમ કરવાથી કોઈપણ રેસિડેન્સિયલ સોસાયટીના અન્ય લોકોને દાણાથી ફેલાતા કચરાથી સમસ્યા થઈ શકે છે.સુપ્રીમ કોર્ટે એક કેસની સુનાવણી દરમિયાન આ ટિપ્પણી કરી હતી.સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે કોઈપણ ફ્લેટ માલિકે સોસા. અને આરડબલ્યુએના નિયમોનું પાલન કરવું પડશે.તમે જે સોસાયટીમાં રહો છે તો તમારે તેના નિયમોનું પાલન કરવું પડશે.જો કે જીવદયાને નામે કેટલાક લોકો અતિરકે કરતાં રહે છે.

## બંધારણ ખોટું નથી પરંતુ તેને ખોટુ ઠેરવવાના પ્રયાસો થઇ રહ્યા છે :નિવૃત સુપ્રીમ કોર્ટ જજ જોસેફ કુરિયન

બંધારણ ખોટું નથી પરંતુ તેને ખોટુ ઠેરવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ભારત મેરા હે, મેરા ભારત મહાન આ વાક્યમાં મેરા ભારત મહાનથી કોઈને તકલીફ નથી. પરંતુ ભારત મેર હે કહેવાય ત્યારે પ્રોબ્લેમ થાય છે.ભારતનું બંધારણ એ પવિત્ર પુસ્તક છે.બંધારણમાં લખ્યું છે કે દરેક ધર્મ,જાતિ,લિંગના લોકોએ શાંતિ જાળવી રાખવી એ દરેકની ફરજ છે. પરંતુ આજે શું છે ? તેમ સુપ્રીમ કોર્ટના નિવૃત જજ જોસેફ કુરિયને ગુજરાત વિદ્યાપીઠમાં પોતાના વિચારો વ્યક્ત કરતાં કહ્યુ હતુ.

૧૨ માર્ચ,૧૯૩૦ના રોજદ ગાંધીજીએ સાબરમતી આશ્રમમાંથી સત્યાગ્રહની શરુઆત કરી હતી.૫મી એપ્રિલે દાંડી પહોચી હતી.સમુદ્ર કિનારે એક મુઠ્ઠી મીઠુ ઉપાડીને બ્રિટીશ કાયદાનો ભંગ કર્યો હતો.મીઠાના સત્યાગ્રહને ૯૦ વર્ષ પુરા થવા નિમિત્તે ગુજરાત વિદ્યાપીઠમાં અહિંસા અને સદ્ભાવ માટે એકજૂટ ભારત વિષય પર બિનરાજકીય અને નાગરિકોની પહેલના ભાગરુપે સંમેલન મળ્યુ હતું. જેમાં વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ ઉપરાંત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.આયોજન પંચના સદ્સ્ય અને સામાજિક કાર્યકર ડો.સઈદા હમીદે કહ્યુ હતું કે ગુજરાત સાથે મારો જુનો નાતો છે. હું કાશ્મીરની વતની છું પરંતુ હુ મારા વતનમાં ગઈ નથી તેના કરતાં વધારે ગુજરાતમાં આવી છું. આ દેશ કોનો છે ? ગાંધીનો કે ગોડસેનો ? આજકાલ જે સમાચાર આવે છે તે હેરાન કરનારા છે.

## ઓગષ્ટા વેસ્ટલેન્ડ હેલીકોપ્ટર સોદાના કથિત વચેટીયા ક્રિશ્ચિયન મિશેલે દિલ્હી કોર્ટ સમક્ષ જુબાની આપી

ઓગષ્ટા વેસ્ટલેન્ડ હેલીકોપ્ટર સોદાના કથિત વચેટીયા ક્રિશ્ચિયન મિશેલે દિલ્હી કોર્ટમાં દાવો કર્યો હતો કે સીબીઆઈના પુર્વ ડીરેકટર રાકેશ અસ્થાનાએ દુબઈમાં મને મળ્યા હતા અને ધમકી આપી હતી કે જો મે સીબીઆઈનું કહેવું ન માન્યું તો તેઓ મારુ જીવન જેલમાં નર્કાગાર બનાવી દેશે. સ્પેશીયલ જજ અરવિંદકુમારની કોર્ટમાં જુબાની આપતાં તેણે કહ્યુ હતું કે તિહાર જેલમાં મને ગેંગસ્ટર છોટા રાજનની બાજુની ખોલીમાં રાખવામાં આવ્યો હતો.મને સમજાતું નથી કે મે એવો તો ક્યો ગુનો કર્યો છે કે સેંકડો લોકોના હત્યારા છોટા રાજનની બાજુમાં મને રખાયો છે. ૧૬-૧૭ કાશ્મીરી અલગાવવાદી નેતાઓ સાથે મને જેલમાં રાખવામાં આવ્યો છે.

સ્પે.જજ અરવિંદકુમારે દિલ્હીની તિહાર જેલમાં ઈડીને મિશેલની પુછપરછ કરવાની મંજુરી આપી છે. ઈડીને હજુ બીજા બે દિવસ મિશેલની પુછપરછ કરવાની પણ મંજુરી મળી છે.જેલમાં એક અધિકારી અને મિશેલના વકીલ હાજર રહેશે.મિશેલે કોર્ટને જણાવ્યુ હતું કે તેને તિહાર જેલમાં માનસિક યાતના અપાઈ હતી. કોર્ટે મિશેલના આ આક્ષેપની નોધ લીધી હતી.તિહાર જેલના અધિકારીઓને સીસીટીવી ફુટેજ અને મિશેલને જે આધારે હાઈ સિક્યુરીટી વોર્ડમાં ખસેડાયા તેના રિપોર્ટ સોપવાનો આદેશ આપ્યો હતો.મિશેલ પર વીવીઆઈપી હેલીકોપ્ટર સોદામાં મિશેલ પર ૨૨૫ કરોડની દલાલીનો આરોપ છે. દુબઈ પોલીસે તેની ધરપકડ કરી હતી ત્યારેથી તે યુએઈની જેલમાં હતો.

## અમદાવાદની ૭૦૦૦ લાયસંસવાળી બંધુકો જમા કરાવવા સત્તાવાળાઓનો આદેશ

આગામી લોકસભાની ચુંટણીને લઈને અમદાવાદ કલેકટર દ્વારા જાહેરનામું બહાર પાડીને બંધુક સહિતના લાયસંસ હથિયારો જમા કરવવા માટે આદેશ કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેરમાં કુલ ૭૦૯૭ જેટલી બંધુક સહિતના હથિયારોના લાયસંસ ઈસ્યુ થયેલા છે. જેથી તેમને કલેક્ટર તથા પોલીસ કમિશ્નર કચેરી દ્વારા નોટિસ મોકલી સપ્તાહમાં નજીકના પોલીસ સ્ટેશનમાં હથિયાર જમા કરાવવા આદેશ કર્યો છે.

જેના પગલે અત્યાર સુધીમાં બે હજાર કરતાં વધુ હથિયારો જમા થઈ ચુક્યા છે. અને સપ્તાહમાં બાકીના હથિયારો પણ જમા થઈ જશે તેમ સુત્રોએ જણાવ્યુ હતુ. આ કાર્યવાહી દરમિયાન ૧૧ જેટલા લોકોના હથિયાર જમ કરવામાં આવ્યો છે. અને ૧૮૫ જેટલા હથિયારોના લાયસંસ કેન્સલ કરવામાં આવ્યા છે.

અમદાવાદ શહેર અને જિલ્લામાં બંધુકનું લાયસંસ ધરાવતા લોકોને જાહેરનામું બહાર પાડીને તેમા હથિયાર ચુંટણીના પગલે જમા કરાવી દેવા કલેકટરે તાકીદ કરી છે. કલેકટરના જાહેરનામાંનાપગલે લોકોએ પોતાના હથિયારો પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની કાર્યવાહી શરુ કરી છે. અને અત્યાર સુધીમાં ૨૦૩૭ લાયસંસ બંધુકો જે તે પોલીસ સ્ટેશનમાં જમા થઈ ચુકી છે.લાયસંસ ધારક બંધુક જમા કરાવે તો તેની પોલીસ સ્ટેશનમાં પહોચ પણ અપાય છે.જેના આધારે તેઓ ચુંટણી પછી તે પરત લઈ શકે છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જ્હોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૯૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.